**ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર(જીબીઆરસી) નામની નવી સંસ્થા (સોસાયટી) સ્થાપવા બાબત.**

ગુજરાત સરકાર,
વિજ્ઞાન અને પ્રોધોગિકી વિભાગ,
ઠરાવ ક્રમાકઃ બીટીએમ-૧૦૨૦૧૬-૨૯૯-બીટી
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૧/૮/૨૦૧૭

વંચાણે લીધાઃ

(૧) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૯/૧૦/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૨૦૦૪/૧૧૭૪/બીટી
(૨) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૨૯/૧૨/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃ બીજીટી-૨૦૦૩-૫૬-બીટી
(૩) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૨૯/૪/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૨૦૧૨-૨૦૮૬(૩)-બીટી
(૪) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૨/૯/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૩-૭૮૯૨૬૦(૪)-બીટી
(૫) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૩/૯/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૩-૭૮૯૨૬૦-બીટી
(૬) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૫/૯/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૩-૭૮૯૨૬૦(૩)-બીટી
(૭) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૫/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૪-૪૦૪-બીટી
(૮) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૫/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૪-૩૯૮-બીટી
(૯) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૫/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૪-૪૨૮-બીટી
(૧૦) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૪-૩૯૯-બીટી
(૧૧) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૪-૪૦૦-બીટી
(૧૨) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૪-૪૦૩-બીટી
(૧૩) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૪-૪૩૦-બીટી
(૧૪) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૪-૪૩૨-બીટી
(૧૫) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૫-૦૧-બીટી
(૧૬) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ-૧૦૨૦૧૫-૦૨-બીટી
(૧૭) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૨૦/૧/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીજીટી/૨૦૦૬/૪૪૯૬૫/બીટી
(૧૮) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૪/૩૯૮/બીટી
(૧૯) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૮/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૪/૪૨૮/બીટી
(૨૦) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૪/૪૩૦/બીટી
(૨૧) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૫/૦૨/બીટી
(૨૨) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૨/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૪/૩૯૯/બીટી
(૨૩) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૪/૪૦૦/બીટી
(૨૪) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૪/૪૦૩/બીટી
(૨૫) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૪/૪૩૨/બીટી
(૨૬) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૧૭/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૫/૦૧/બીટી
(૨૭) વિજ્ઞાન અને પ્રૌદ્યૌગિકી વિભાગનો તા. ૦૯/૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ બીટીએમ/૧૦૨૦૧૪/૪૦૪/બીટી

(૨૮) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા. ૦૩/૮/૨૦૧૭નો પત્ર ક્રમાંક: બીટીએમ/૨૦૧૨/૨૦૮૬(૩)/બીટી
(૨૯) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: બીટીએમ /૧૦૨૦૧૩/૭૮૯૨૬૦(૪)/બીટી
(૩૦) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૫/૬/૨૦૧૭નો પત્ર ક્રમાંક: બીટીએમ/૧૦૨૦૧૩/૭૮૯૨૬૦(૩)/બીટી
(૩૧) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૩/૮/૨૦૧૭નો પત્ર ક્રમાંક: બીટીએમ/૧૦૨૦૧૩/૭૮૯૨૬૦/બીટી
(૩૨) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા. ૧૫/૭/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: બીટીએમ/૨૦૧૨/૨૦૮૬(૩)/બીટી
(૩૩) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૯/૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:બીટીએમ/૧૦૨૦૧૩/૭૮૯૨૬૦(૪)/બીટી
(૩૪) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૭/૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: બીટીએમ/૧૦૨૦૧૩/૭૮૯૨૬૦/બીટી

પ્રસ્તાવના:

રાજયમાં જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થાના વિકાસ દવારા લોકોની સુખાકારી વધારવા માટે બાયોટેકનોલોજી એક અતિ મહત્વની ટેકનોલોજી છે. વિશ્વભરમાં બાયોટેકનોલોજીનો ઉપયોગ કૃષિ, આરોગ્ય, પર્યાવરણ, ઔદ્યૌગિક વગેરે ક્ષેત્રે કરવામા આવી રહયો છે.

રાજય સરકારે પણ બાયોટેકનોલોજી થકી રાજયના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૦૪ માં સંદર્ભ (૧) પરના તા. ૧૯/૧૦/૨૦૦૪ ના ઠરાવથી ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન(જીએસબીટીએમ) ની સોસાયટીઝ રજીસ્ટ્રેશન એકટ, ૧૯૬૦ હેઠળ રજીસ્ટર્ડ સોસાયટી તરીકે રચના કરેલ છે. આ મિશન માટે સંદર્ભ (૨) પરના તા. ૧૯/૧૦/૨૦૦૪ ના ઠરાવથી કુલ ૨૦ જગ્યાઓ મંજૂર કરવામા આવેલ છે. આ જગ્યાઓ પૈકી કુલ ૧૮ જગ્યાઓ સંદર્ભ (૩૩) પરના તા. ૨૦/૦૧/૨૦૧૭ ના ઠરાવથી વર્ષ ૨૦૧૭-૧૮ માટે ચાલું રાખવામા આવેલ છે. જયારે સંદર્ભ (૩) થી (૧૬) પરના ઠરાવોથી મિશનની જુદી જુદી પ્રવૃત્તિઓ માટે વિવિધ સંવર્ગની કુલ ૫૫ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. જે ડિસેમ્બર-૨૦૧૬ ની સ્થિતિએ સંદર્ભ (૧૭) થી (૩૪) પરના ઠરાવો/પત્રોથી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે / વિનિયમિત કરેલ છે.

બાયોટેકનોલોજી મિશન દ્વારા મુખ્યત્વે નીચેના ક્ષેત્રોમાં જુદી જુદી પ્રવૃત્તિઓનો વિકાસ કરવામાં આવેલ છે.

૧. બીટી પોલીસીનું અમલીકરણ અને વ્યાપાર વિકાસ
૨. ઉદ્યોગસાહસિકતા વિકાસ
૩. માનવ સંસાધન વિકાસ
૪. બાયોટેકનોલોજી ઈન્કયુબેટર અને બાયોટેક પાર્કની સ્થાપના
૫. જાગૃતતા અને માહિતી પ્રસારણ
૬. જુદા જુદા સંશોધન પ્રોજેકટસ, કે જેમાં

- જીનોમિક્સ ઇનીશીયેટીવ
- બાયોડાયવર્સીટી જીન બેંક
- બાયોઇન્ફોર્મેટિક્સ
- જીનેટિક ડાયગ્નોસ્ટિક્સ નેટવર્ક
- સ્ટેમ સેલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ
- બાયો-બેન્ક
- મરીન બાયો-રિસોર્સ સેન્ટર, વગેરેનો સમાવેશ થાય છે.

ઉક્ત તમામ પ્રવૃતિઓ રાજ્યની બાયોટેક આધારિત ઇકોસીસ્ટમને મજબૂત કરવામાં મહત્વનો ફાળો આપી રહેલ છે. નિગમ દવારા ચલાવવામા આવતી આ તમામ પ્રવૃતિઓ, નીચે મુજબના સ્થળોએ અલગ અલગ યુનિટોની સ્થાપના કરીને હાથ ધરવામાં આવેલ છે.

૧) જીએસબીટીએમ-મુખ્ય કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

૨) લેબ-નેટવર્ક (ટીઆરઓ ભવન અને બહુમાળી ભવન), ગાંધીનગર

૩) મરીન બાયોરીસોર્સ સેન્ટર, જામનગર

૪) સાવલી બાયોઈન્કયુબેટર, સાવલી, વડોદરા

ઉક્ત તમામ પ્રવૃતિઓ મિશનના સીધા નિયંત્રણ અને દેખરેખ હેઠળ ચલાવવામાં આવતી હોઈ, હાલના માળખા અનુસાર વૈજ્ઞાનિક આદાન પ્રદાન કરવામાં અને અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી નાણાકીય સહાય મેળવવામાં કેટલીક વ્યાવહારિક મુશ્કેલીઓ અનુભવાય છે. આ ઉપરાંત મરીન બાયોરીસોર્સ સેન્ટર, જામનગર ખાતે અને બાયોઇન્ક્યુબેટર સાવલી, વડોદરા ખાતે એટલે કે વડી કચેરીથી દૂરના સ્થળે આવેલ હોય, પુરતી દેખરેખ અને સુપરવિઝન પણ શક્ય બનતું ન હતું, જેના કારણે તેના વિકાસની ઉપલબ્ધ તકોનો રાજ્યના આર્થિક-સામાજિક-શૈક્ષણિક વિકાસ માટે પુરતો ઉપયોગ થઇ શકતો નથી. આ ઉપરાંત, જીએસબીટીએમ પોતે એક ફન્ડીગ એજન્સી હોઈ સંશોધન સહાયની દરખાસ્તોના મૂલ્યાંકનની તટસ્થતા અને conflict of interest ને દૂર કરવા સંશોધન માટે એક અલગ માળખું સ્થાપવું જરૂરી જણાતું હતું.

મિશન દ્વારા અત્યાર સુધી હાથ ધરાયેલ સંશોધન પ્રોજેક્ટ્સના કારણે તેની સંશોધન ક્ષમતા સારી રીતે વિકસેલ છે. આ ફેસીલીટી દ્વારા અત્યાર સુધી આશરે ૯૬૦૦ જીનબેંક સબમીશન તથા ૭૦૦૦ સુક્ષ્મજીવાણુંઓના કલેકશન સાથે જીનબેંક દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

ભારતમાં સૌથી વધારે ૩૩૦૦ પ્રજાતિના ડીએનએ બારકોડ જીનબેંક દ્વારા સબમીટ કરવામાં આવ્યા છે. બાયોબેંકમાં ૯૨૭ જેટલા કેન્સરના નમુનાઓ વૈજ્ઞાનીક ઢબે સંગ્રહીત કરેલ છે. આ ઉપરાંત રાજ્યના વિકાસ માટે જરૂરી એવા મહત્વના ક્ષેત્રોમાં બાયોટેકનોલોજી ક્ષેત્રે રિસર્ચ હાથ ધરાય અને તે રીસર્ચ પેપરના પબ્લીકેશન સુધી માર્યાદિત ન રહેતા તેના પરથી આરોગ્ય, ખેતી, પર્યાવરણ, પશુપાલન જેવા ક્ષેત્રોમાં ટેકનોલોજીનો વિકાસ થાય તે હેતુથી મિશન દ્વારા થતી રીસર્ચ પ્રવૃત્તિઓને GSBTMની પ્રવૃત્તિઓથી અલગ કરીને સ્વતંત્ર સંસ્થા મારફત હાથ ધરવી જરૂરી છે.

દરમ્યાનમાં, રાજય સરકાર દવારા મિશનની પ્રવૃત્તિઓ અને મહેકમ બાબતે વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાને લઈ, જરૂરી અધિકારીઓ અને કર્મચારીઓની સંખ્યા નકકી કરવા અને તદનુસાર જરૂરી કાર્યવાહી માટેના આદેશો સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ હતા. આ ઉપરાંત, વિભાગ કક્ષાએથી પણ મિશનની જુદી જુદી પ્રવૃત્તિઓને ધ્યાને લઈ, મિશનના માળખા અને મહેકમ બાબતે પુન:વિચારણા કરી, નવેસરથી ઓર્ગેનોગ્રામ તૈયાર કરી રજૂ કરવા મિશનને જણાવેલ હતું.

ઉક્ત તમામ બાબતો ધ્યાને લઈને, હાલની અંદાજપત્રીય જરૂરિયાતમાં અને જોગવાઈમાં વધારો કર્યા સિવાય તથા અત્યાર સુધીમાં મંજુર થયેલ મેનપાવર્સ(મહેકમ)ની મર્યાદામાં રહીને મિશનની જુદીજુદી પ્રવતિઓને સુગઠીત કરીને સ્વતંત્ર સંસ્થાઓ મારફત હાથ ધરવા માટે ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર(જીબીઆરસી) નામની નવી સંસ્થા સ્થાપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (જીએસબીટીએમ) ના હયાત Organizational માળખાનું નીચે મુજબ વિભાજન કરીને "ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર" (જીબીઆરસી) નામની નવી સંસ્થા, સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ હેઠળ સ્થાપવા માટે નીચે દર્શાવેલ શરતોને આધીન મંજૂરી આપવામા આવે છે.

(૧) ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર ને એક અલગ સોસાયટી તરીકે સોસાયટીઝ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ હેઠળ રજીસ્ટર્ડ કરાવવાની રહેશે અને તે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ હેઠળ સ્વતંત્રપણે કામગીરી કરશે.

(૨) જીબીઆરસી નામની સ્વંતત્ર સોસાયટીની રચના થયા બાદ, ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન અને "ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર" એ નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવાની રહેશે.

| સંસ્થાનું નામ | ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન હસ્તકની પ્રવૃત્તિઓ | ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર હસ્તકની પ્રવૃત્તિઓ |
|---|---|---|
| પ્રવૃત્તિઓ | બાયોટેકનોલોજી ક્ષેત્રમાં<br>•નીતિ નિર્ધારણ અને અમલીકરણ<br>•વ્યાપાર વિકાસ<br>•માનવ સંસાધન વિકાસ<br>•ઉદ્યોગ સાહસિકતા વિકાસ<br>• જાગૃતતા અને તાલીમ<br>• આંતર માળખાકીય સુવિધાઓ/ બીટી પાર્ક<br>•સંશોધન સહાય<br>•બાયોટેકનોલોજી નોલેજ કોમ્પ્લેક્ષ<br>•ડાયગ્નોસ્ટીક યુનિટ *<br>•વહીવટ, બજેટ, આયોજન | • બાયોટેકનોલોજી અંગે સંશોધન અને વિકાસ (R&D) કે જેમાં<br>• બાયો-બેંક<br>• બાયોડાઈવર્સીટી જીન બેંક<br>• જીનોમિક્સ ઇનિશિએટીવ<br>• બાયોઇન્ફોર્મેટીક્સ<br>• સ્ટેમ સેલ<br>• મરીન બાયોરિસોર્સ સેન્ટર, જામનગર<br>• વાણિજ્યક અને બિનવાણિજ્યક સંલગ્ન સેવાઓ<br>• વહિવટ, બજેટ અને આયોજન |
| કચેરીનું સ્થળ | ઉદ્યોગ ભવન,ગાંધીનગર | એમ. એસ. બિલ્ડીંગ, ગાંધીનગર |
| સંસ્થા માટેના આવકના સ્રોત | I. અંદાજપત્રીય સહાય<br>II.ઈન્ટર્નલ રિસોર્સીસ અને અન્ય | I. અંદાજપત્રીય સહાય<br>II. રાજય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ પાસેથી પ્રોજેકટસ સહાય<br>III. કોન્ટ્રેક્ટ રિસર્સ દ્વારા આવક<br>IV. ઈન્ટર્નલ રિર્સોર્સીસ અને અન્ય |

(૩) હાલના જીએસબીટીએમ માટે મંજૂર થયેલ વિવિધ સંવર્ગની જગ્યાઓમાં ફેરફાર કરી, પ્રવર્તમાન "ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન ની વિવિધ પ્રવૃતિઓ માટે કુલ ૩૦ જગ્યાઓ અને "ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર ની વિવિધ પ્રવૃતિઓ માટે કુલ ૩૭ જગ્યાઓના નીચે મુજબના મહેકમને આથી મંજૂરી આપવામા આવે છે.

| સંવર્ગનું નામ | પગાર ધોરણ | જીએસબીટીએમ | જીબીઆરસી |
|---|---|---|---|
| મિશન નિયામક | ૩૭૪૦૦-૬૭૦૦૦(૧૦૦૦૦) | ૧ | ૦ |
| સ્ટેનો ગ્રેડ ૧ (પીએ ટુ એમડી) | ૯૩૦૦-૩૪૮૦૦(૪૬૦૦) | ૧ | ૦ |
| નાયબ નિયામક-વહિવટ (સ્ટેટ કેડર) | ૧૫૬૦૦-૩૯૧૦૦(૬૬૦૦) | ૧ | ૦ |
| હિસાબી કમ વહિવટી અધિકારી | ૯૩૦૦-૩૪૮૦૦(૪૬૦૦) | ૨ | ૧+૧# |
| હિસાબનીશ | ૯૩૦૦-૩૪૮૦૦(૪૪૦૦) | ૨ | ૧+૧# |
| મદદનીશ | ૯૩૦૦-૩૪૮૦૦(૪૪૦૦) | ૨ | ૧ |
| ટાઈપીસ્ટ-કમ-કલાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦(૧૯૦૦) | ૨ | ૧+૧# |
| નિયામક | ૩૭૪૦૦-૬૭૦૦૦ (૮૯૦૦) | ૦ | ૧ |
| સંયુક્ત્ત નિયામક (સેકટર સ્પેશ્યાલિસ્ટ) | ૧૫૬૦૦-૩૯૧૦૦(૭૬૦૦) | ૩ | ૦ |
| વૈજ્ઞાનિક-ડી અને સંયુક્ત્ત નિયામક (સેકટર સ્પેશ્યાલિસ્ટ) | ૧૫૬૦૦-૩૯૧૦૦(૭૬૦૦) | ૦ | ૨+૧# |
| મેનેજર | ૯૩૦૦-૩૪૮૦૦(૪૬૦૦) | ૭+૧* | ૦ |
| નાયબ મેનેજર | ૯૩૦૦-૩૪૮૦૦(૪૪૦૦) | ૬+૧* | ૦ |
| વૈજ્ઞાનિક-બી | ૧૫૬૦૦-૩૯૧૦૦(૫૪૦૦) | ૦ | ૧૨+૪# |
| ટેકનીકલ આસિસ્ટન્ટ | ૯૩૦૦-૩૪૮૦૦(૪૪૦૦) | ૧* | ૮+૨# |
| **કુલ** | | **૩૦** | **૩૭** |

*# આ મહેકમ મરીન બયોરીસોર્ચ સેન્ટર માટે મંજુર કરેલ છે. મરીન બાયોરિસોર્સ સેન્ટર એ ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર ના ભાગરૂપે જામનગર ખાતે કાર્યરત રહેશે.*

** આ મહેકમ ડાયગ્નોસ્ટીક યુનિટ માટે મંજુર કરેલ છે. ડાયગ્નોસ્ટીક યુનિટ પ્રાયોગિક ધોરણે જીએસબીટીએમ હસ્તક સ્વતંત્ર યુનિટ તરીકે કામ કરશે. એકાઉન્ટીંગ પર્પઝથી તેને મેન-પાવર, કન્ઝયુમેબલ્સ વગેરે અલગથી ફાળવવામા આવશે. બે વર્ષ બાદ તેની કામગીરીની સમીક્ષા કરીને યોગ્ય નિર્ણય માટે વિભાગ સમક્ષ વિગતો રજૂ કરવાની રહેશે.*

(૪) ઉકત માળખામાં વૈજ્ઞાનિક-બી અને રિસર્ચ અસોસિયેટ તથા સિનિયર રિસર્ચ ફેલો/જુનિયર રિસર્ચ ફેલોનો રેશિયો ૧:૧:૨ (એક વૈજ્ઞાનિક "બી" ની સામે એક રિસર્ચ એસોસીયેટ અને બે જેઆરએફ/એસઆરએફ)નો રહેશે.

(૫) પટાવાળા, કચેરી વ્યવસ્થાપન, સલામતિ, ડ્રાઈવર અને વાહન વિગેરેની સેવાઓ જે તે સંસ્થાની કાર્યવાહક સમિતિની મંજૂરી મેળવીને જરૂરિયાત મુજબ આઉટસોર્સીંગ ધોરણે લેવાની રહેશે.

(૬). જીબીઆરસીને સોપાયેલ પ્રવૃત્તિઓ અને મંજુર થયેલ મહેકમ, તે માટેના નાણાકીય સાધનો(ફંડ), અને સંબંધિત ઇન્ફ્રાસ્ટ્રકચર અને સંશાધનો જીએસબીટીએમએ ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરને તબદીલ કરવાના રહેશે અને તે અંગેની વિગતોની નકલ જીબીઆરસી તથા વિભાગને મોકલી આપવાની રહેશે.

(૭). ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરની અંદાજપત્રીય જોગવાઈ માટે અલગ બજેટ હેડ નાણા વિભાગના પરામર્શમાં જીબીઆરસીએ મંજૂર કરાવવાનું રહેશે અને તે અંતર્ગત દર વર્ષે નાણાકીય જોગવાઇ કરાવવાની રહેશે.

(૮) ચાલુ વર્ષ એટલે કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન જીબીઆરસીના આવર્તક અને અનાવર્તક ખર્ચ માટે જીએસબીટીએમ દવારા માંગણી મુજબની રકમ જીબીઆરસીને ફાળવવાની રહેશે. આ માટે શરૂઆતમાં વિભાગની મંજૂરીથી ઉચ્ચક રકમ જીબીઆરસીના એકાઉન્ટમાં તબદીલ કરવાની રહેશે. તબદીલ થયેલ રકમના ખર્ચ અને વપરાશ પ્રમાણપત્ર આપવાની જવાબદારી જીબીઆરસીની રહેશે.

(૯). જીબીઆરસી દવારા પોતાની સોસાયટી માટે અલગથી મેમોરેન્ડમ ઓફ એસોસીયેશન અને તમામ પ્રકારના નિયમો સક્ષમ કક્ષાએ મંજૂર કરાવવાના રહેશે. આવા નિયમો મંજૂર ન થાય ત્યાં સુધી જીએસબીટીએમના મેમોરેન્ડમ ઓફ એસોસીયેશન અને સંબંધિત નિયમોને અનુસરવાનું રહેશે. જેમાં નાણાકીય સત્તાસોંપણી સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

(૧૦). જીએસબીટીએમ અને જીબીઆરસી માટે મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં યોગ્ય ભરતી પ્રક્રિયા દવારા ભરવાની રહેશે. આ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવા માટે જે તે સંસ્થાએ વિભાગ મારફત જગ્યાઓની મુદત લંબાવવાની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૧) જીએસબીટીએમમાં નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમાયેલ કર્મચારીઓ અને અધિકારીઓ કઈ સસ્થામાં કાયમી ધોરણે ફરજ બજાવવા માંગે છે તે અંગે તેઓનો લેખિતમાં વિકલ્પ મેળવીને જરૂરી આદેશો કરવાના રહેશે. આ બાબતે જીએસબીટીએમની કાર્યવાહક સમિતિની મંજુરી મેળવવાની રહેશે. એક વખત વિકલ્પ આપ્યા બાદ તેમાં ફેરફાર થઇ શકશે નહી અને તેની સિનીયોરીટી અને સેવાની શરતો જે તે સંસ્થાના નિયમો અન્વયે વિનિયમિત થશે.

(૧૨) જીબીઆરસીએ તેની પ્રવૃત્તિઓ માટે ફંડ નીચે મુજબ મેળવવાનું રહેશે.

1. જીબીઆરસી હસ્તક રહેનાર પ્રવર્તમાન સંશોધન પ્રવૃત્તિઓ(on going research activities) માટે જીબીઆરસી એ પ્રવર્તમાન સ્થિતિ(Status), તે પૂર્ણ થવાનો સમયગાળો(Time line) તેના નિર્ધારિત પરિણામો(out put) અને તે માટે નાણાકીય જરૂરિયાતો(financial requirements) અંગેની દરખાસ્ત,જીએસબીટીએમની ટેકનીકલ એડવાઈઝરી કમિટિ સમક્ષ રજૂ કરી, તે પરત્વે જરૂરી ભલામણો મેળવવાની રહેશે. આ ભલામણોના આધારે અધ્યક્ષશ્રી, કાર્યવાહક સમિતિ, જીએસબીટીએમ અને

સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રોદ્યૌગિકી વિભાગ નકકી કરે તેટલી રકમ, વર્ષ વાર જીએસબીટીએમ એ જીબીઆરસીને પ્રોજેકટ સહાય માટેના ફંડમાંથી ફાળવવાની રહેશે. આ તમામ બાબતો નકકી થાય તે દરમ્યાન જીબીઆરસીને તેની સંશોધન પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે ઉચ્ચક રૂા એક કરોડ પુરા જીએસબીટીએમ એ ફાળવી આપવાના રહેશે. જીબીઆરસીને ફાળવવામાં આવતી તમામ રકમનું ખર્ચ અંગેનું વપરાશ પ્રમાણપત્ર(યુટીસી) જીબીઆરસીએ જીએસબીટીએમ/વિભાગને સમયમર્યાદામાં મોકલી આપવાનું રહેશે.

2. જીએસબીટીએમની સંશોધન સહાય યોજના હેઠળ સંશોધન પ્રોજેકટસ રજૂ કરીને ફંડ મેળવવાનું રહેશે.

3. જીબીઆરસીએ ભારત સરકાર, રાજય સરકાર, આંતરરાષ્ટ્રીય ફંડીગ એજન્સી વગેરે જેવી પ્રોજેકટ સહાય આપતી સંસ્થાઓ પાસેથી પ્રોજેકટો રજૂ કરીને ફંડ મેળવવવાનું રહેશે.

4. જીએસબીટીએમ હસ્તકનું ગાંધીનગર/જામનગર ખાતે ઉપલબ્ધ તમામ લેબ ઈન્ફાસ્ટ્રકચરને જીબીઆરસીને તબદીલ કરવાનું રહેશે. જયારે ડાયગ્નોસ્ટીક યુનિટ પૂરતું જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર વન ખાતાની તાલીમ અને સંશોધન કેન્દ્રના બિલ્ડીંગમાં યથાવત કાર્યરત રાખવાનું રહેશે.

5. જીબીઆરસીએ પોતાના આંતરિક ખર્ચાઓ જેવા કે અધિકારી/કર્મચારીઓના પગાર ભથ્થા, ફેલોશીપ્સ, આકસ્મિક ખર્ચ વગેરે માટે બજેટમાં જોગવાઈ કરવાની રહેશે.

(૧૩). જીબીઆરસીની પ્રવૃત્તિઓ અને તેનો પરિણામો બાબતે દર વર્ષે સરકાર કક્ષાએ વહિવટી અહેવાલ રજૂ કરવાનો રહેશે.

(૧૪) ઉપર મુજબની પ્રવૃત્તિઓની વહેચણી અને જગ્યાઓની મંજૂરીના કારણે જીએસબીટીએમની કચેરીમાં ફરજ બજાવતા સેક્ટર સ્પેશ્યાલિસ્ટની જગ્યાનું નામ બદલીને સંયુકત્ત નિયામક અને જીબીઆરસીમાં તબદીલ થતા સેક્ટર સ્પેશ્યાલિસ્ટની જગ્યાનું નામ બદલીને વૈજ્ઞાનિક-ડી અને સંયુકત્ત નિયામક રાખવામાં આવે છે. જગ્યાનું નામ બદલવાના કારણે તેઓને મળતા પગાર ભથ્થા, સવલતો અને તેઓએ બજાવવાની થતી ફરજો યથાવત્ રહે છે.

(૧૫) નવા મંજૂર થતાં મહેકમને ધ્યાને લઇ ચાલુ વર્ષ માટેની બજેટ જોગવાઇમાં જરૂરી ઘટાડો કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૬) વિવિધ સંશોધન પ્રોજેકટસ માટે અગાઉના વર્ષમાં મંજૂર થયેલ રકમ પૈકી વણવપરાયેલ રકમનો જીએસબીટીએમ ધ્વારા સંશોધન સહાય માટે ઉપયોગ કરવાનો રહેશે.

(૧૭) ભરતી વખતે સરકારના ભરતી, અનામત, બઢતી અંગનો સામાન્ય નિયમોનો અમલ કરવાનો રહેશે. ખાસ જોગવાઇ માટે સક્ષમકક્ષાએ મંજૂરી મેળવવાની રહેશે.

(૧૮) ઉકત ફેરફારો સિવાય સંદર્ભમાં દર્શાવેલ તમામ ઠરાવોની શરતો, બોલીઓ અને જોગવાઈઓ યથાવત રહે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૧૯/૭/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનંજય દ્વિવેદી)
સચિવ
વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રી કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
૩. સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલય, ટેકનોલોજી ભવન, નવી દિલ્હી
૪. માનનીય મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય,ગાંધીનગર
૫. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. અગ્રસચિવશ્રી, સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, સર્વે વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. નાણા સલાહકારશ્રી(વિ અને પ્રૌ.વિભાગ),સચિવાલય,ગાંધીનગર
૯. મિશન નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન,ઉધોગ ભવન, ગાંધીનગર
૧૦. નિયામકશ્રી, જીબીઆરસી, એમ. એસ. બિલ્ડીંગ, સેકટર-૧૧, ગાંધીનગર
૧૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજકોટ/ અમદાવાદ
૧૨. તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.
૧૨. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગુ.રા.ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
૧૩. વિજ્ઞાન અને પ્રોધોગિકી વિભાગના તમામ અધિકારીશ્રી, સચિવાલય,ગાંધીનગર
૧૪. વિજ્ઞાન અને પ્રોધોગિકી વિભાગની તમામ શાખાઓ, સચિવાલય,ગાંધીનગર
૧૫. શાખા સિલેકટ ફાઇલ વિજ્ઞાન અને પ્રોધોગિકી વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
૧૬. નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ